# કેનાલ રિપેરિંગને કારણે ભરૂચ નગરમાં દિવસમાં એકવાર પાણી અપાશે

**કાઉન્સિલર** સમશાદઅલી સૈયદે આ કામગીરી ઈદ બાદ શરૂ કરવા માંગ કરી

ભરૂચઃ ભરૂચ શહેરમાં પાણી પુરવઠા સંબંધિત કામગીરીને કારણે જાહેર થયેલા શટડાઉન મુદ્દે કોંગ્રેસના કાઉન્સિલર સમશાદઅલી સૈયદ દ્વારા ભરૂચ નગરપાલિકાના પ્રમુખ અને ચીફ ઓફિસરને લેખિત રજૂઆત કરવામાં આવી છે. ભરૂચ નગરપાલિકા દ્વારા જાહેર કરાયેલી પ્રેસનોટ મુજબ સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ દ્વારા મીયાગામ બ્રાંચ કેનાલ અને અમલેશ્વર બ્રાંચ કેનાલના રિપેરિંગ કામ માટે તા.24/5/2026થી તા.15/6/2026 સુધી શટડાઉન લેવામાં આવનાર છે. જેથી આ સમયગાળા દરમિયાન શહેરમાં દિવસમાં માત્ર 1 વખત પાણી પુરવઠો આપવામાં આવશે. રજૂઆતમાં જણાવાયું છે કે તા.28/5/2026ના રોજ ઈદ-ઉલ-અઝહાનો પવિત્ર તહેવાર હોવાથી મુસ્લિમ સમાજમાં પાણીનો વપરાશ સામાન્ય દિવસો કરતાં વધુ રહેતો હોય છે.

આવી સ્થિતિમાં જો દિવસમાં માત્ર 1 વખત પાણી આપવામાં આવે તો શહેરના અનેક વિસ્તારોમાં નાગરિકોને ભારે હાલાકીનો સામનો કરવો પડી શકે છે. આથી જનહિત અને ઈદના પવિત્ર તહેવારને ધ્યાનમાં રાખીને કેનાલ રિપેરિંગની ઉપરોક્ત કામગીરી ઈદ બાદ શરૂ કરવામાં આવે તેવી પ્રબળ માંગ કરવામાં આવી છે.

## અંકલેશ્વરમાં ફરાર બુટલેગર ઝડપાયો

અંકલેશ્વરઃ અંકલેશ્વર ભરૂચ વચ્ચે માંડવા ટોલ પ્લાઝા નજીક બંધ બોડીના કન્ટેનરમાંથી ભરૂચ એલસીબી પોલીસે વિપુલ માત્રામાં વહન કરાતો ઈંગ્લિશ દારૂનો જથ્થો ઝડપી પાડ્યો હતો. પોલીસે રૂ.1,27 કરોડનો દારૂનો જથ્થો જપ્ત કર્યો હતો. પોલીસે કન્ટેનર ચાલક જગદીશ માનારામ બિશ્નોઈની અટકાયત કરી હતી. અંકલેશ્વર બી ડિવિઝન પોલીસે આ ગુનામાં ફરાર વડોદરાના કોયલી ગામના રહીશ વિકાસ હાપુરામ ખીચડની અટકાયત કરી કાર્યવાહી હાથ ધરી છે.

# પાવર ગ્રીડની લાઇન ડાયવર્ટ કરવા મુદ્દે ખેડૂત સમાજમાં રોષ

**બારડોલી** ખેડૂત સમાજના કાર્યાલય ખાતે મિટિંગ મળી

**સેવણી** ગામે સોમવારથી ધરણા પ્રદર્શનની ચીમકી



### સોમવારથી અનિશ્ચિત મુદતનાં ધરણા

ખેડૂતો સાથે થઈ રહેલા અન્યાયના વિરોધમાં આગામી સોમવારે, ૨૫ મે, ૨૦૨૬ના રોજ સવારે ૧૧ વાગ્યાથી સેવણી ગામે જે સ્થળ પરથી લાઇન ડાયવર્ટ થઈ રહી છે અને જ્યાં પ્રથમ પોલ આવવાનો છે, તે ખેડૂતના ખેતરમાં જ મંડપ બાંધીને મોટી સંખ્યામાં ખેડૂત ભાઈ-બહેનો ધરણા પર બેસશે. ખેડૂત અગ્રણીઓએ સ્પષ્ટ ચીમકી આપી છે કે, જ્યાં સુધી ખેડૂતોને વિશ્વાસમાં લેવામાં નહીં આવે અને આ ખોટી પ્રવૃત્તિ બંધ કરીને ખેડૂતોને ન્યાય નહીં મળે, ત્યાં સુધી આ ધરણા પ્રદર્શન અવિરતપણે ચાલુ રહેશે.

બારડોલીઃ સુરત જિલ્લાના સેવણી ગામે પાવર ગ્રીડ કંપની દ્વારા વિવાદિત રીતે વીજ લાઈનનો રૂટ ડાયવર્ટ કરવામાં આવતાં ખેડૂતોમાં ભારે અસંતોષ વ્યાપી ગયો છે. આ મામલે ન્યાય મેળવવા માટે સુરત જિલ્લા ખેડૂત સમાજની એક મહત્ત્વની બેઠક બારડોલી સ્થિત કાર્યાલય ખાતે યોજાઈ હતી, જેમાં આગામી દિવસોમાં ઉગ્ર આંદોલનની રણનીતિ નક્કી કરવામાં આવી છે.

ખેડૂત સમાજના પ્રમુખના જણાવ્યાનુસાર સેવણી ગામના અ સ રગ્રસ્ત ખેડૂતોને અગાઉ પા વર ગ્રીડ દ્વારા જે નોટિસ આપવામાં આવી હતી, તેમાં દર્શાવેલા મૂળ રૂટને બદલીને નવો રૂટ નક્કી કરવામાં આવ્યો છે.

પાવર ગ્રીડના અધિકારીઓ સાથે બેઠક કર્યા બાદ પણ અનેક બાબતો શંકાસ્પદ જણાઈ રહી છે. આ લાઈન રાજકીય વગ વાપરીને અથવા તો સિસ્ટમને મેનેજ કરીને ડાયવર્ટ કરવામાં આવી હોવાના આક્ષેપો ખેડૂતો દ્વારા કરવામાં આવ્યા છે. જે ખેડૂતોના ખેતરમાંથી આ લાઈન પસાર થવાની નહોતી, તેવા ખેડૂતોને નવી નોટિસ આપી તેમની જમીનનો ભોગ લેવાની તૈયારી દર્શાવતા ખેડૂતોમાં રોષ છે.

ખેડૂત સમાજ સુરત જિલ્લાના પ્રમુખે મીડિયા સમક્ષ નિવેદન આપતા જણાવ્યું હતું કે, ભલે માત્ર પાંચ ખેડૂતોને આ બાબતથી સીધી અસર થતી હોય, પરંતુ આવી મિલીભગત અને અન્યાયી રીતે ખેડૂતોની જમીન છીનવવાનો પ્રયાસ કોઈપણ સંજોગોમાં ચલાવી લેવામાં આવશે નહીં. સમગ્ર સુરત જિલ્લાના ખેડૂતો અને વિવિધ સંગઠનો આ અસરગ્રસ્ત ખેડૂતોની વહારે આવ્યા છે અને એક થઈને ન્યાયની લડત લડશે.



# બારડોલીમાં મૃત મરઘાંનો જાહેરમાં નિકાલ, બે ઝડપાયા

**હાલમાં** બર્ડ ફ્લૂ રોગના કારણે મૃત મરઘીઓનાં સેમ્પલ લેવાયાં

બારડોલીઃ બર્ડ ફ્લૂના ડર વચ્ચે બારડોલીથી પલસાણા જતાં નેશનલ હાઇવે નં.53 પર નાંદીડાની સીમમાંથી પસાર થતી મીંઢોળા નદીના પુલ પરથી એક ટેમ્પોમાંથી કેટલાક ઇસમો મૃત મરઘાંનો નિકાલ કરી રહ્યા હતા. જેની જાણ થતાં જ ગ્રામ પંચાયત અને પોલીસ તેમજ પશુ ચિકિત્સકની ટીમ સ્થળ પર પહોંચી હતી અને મૃત મરઘાંનો નિકાલ કરી રહેલા ઇસમોને અટકાવી તેમની સામે કાર્યવાહી હાથ ધરી હતી.

હાલ મહારાષ્ટ્રના નવાપુર સહિતના વિસ્તારમાં આવેલા મરઘાં પાલન કેન્દ્રોમાં બર્ડ ફ્લૂનો વાવર છે. જેને લઈ મરઘાંના માર્કેટ પર પણ અસર જોવા મળી રહી છે. ત્યારે બારડોલીથી પલસાણા જતાં નેશનલ હાઇવે નં.53 પર મીંઢોળા નદીના પુલ પરથી એક ટેમ્પોમાંથી કેટલાક ઇસમો મરઘાં નદીમાં ફેંકી રહ્યા હતા. ત્યાંથી પસાર થતાં નગરપાલિકા બારડોલી નગરપાલિકાના કર્મચારીઓએ આ દૃશ્ય જોતાં જ તાત્કાલિક ઉપરી અધિકારીને જાણ કરી હતી. જાણ થતાં જ બારડોલી નગરપાલિકા ઉપરાંત નાંદીડા ગ્રામ પંચાયતના સરપંચ અને તલાટી સહિતની ટીમ સ્થળ પર પહોંચી હતી. મૃત મરઘીઓનો નિકાલ થતો હોય પશુ ચિકિત્સાલય વિભાગને પણ જાણ કરવામાં આવી હતી. તેમની ટીમ પણ સ્થળ પર પહોંચી હતી. હાલમાં મરઘાંમાં બર્ડ ફ્લૂ નામનો રોગ ચાલી રહ્યો હોય, મૃત મરઘીઓનાં સેમ્પલ લેવામાં આવ્યાં છે. બીજી તરફ સમગ્ર મામલે નાંદીડા ગ્રામ પંચાયતના તલાટી કમ મંત્રીએ બારડોલી ટાઉન પોલીસમાં જાણ કરી હતી.

પોલીસે સ્થળ પરથી મૃત મરઘાંનો જાહેરમાં નિકાલ કરી રહેલા બે ઇસમની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

ટેમ્પો પણ કબજે લેવામાં આવ્યો હતો. આ મામલે ઊંડાણપૂર્વક તપાસ કરવામાં આવી રહી છે. વહીવટી તંત્ર દ્વારા યોગ્ય તપાસ બાદ તમામ મૃત મરઘીઓનો નિયમ મુજબ નિકાલ કરવામાં આવ્યો હતો.

# પાલોદ પોલીસ મથકથી માત્ર ૧૫૦ મીટર દૂર ૯૦૦ પેટી દારૂ ઝડપાયો

**પાલોદ** પોલીસ મથકની પડખે કન્ટેનરમાંથી ઈંગ્લિશ દારૂનું કાર્ટિંગ ચાલતું હતું ને સ્ટેટ વિજિલન્સ ત્રાટકી



ઈબ્રાહીમ કાનુ

હથોડાઃ પાલોદ પોલીસ મથકની હદમાં કાયદો અને વ્યવસ્થાના લીરેલીરા ઉડાવતો કિસ્સો સામે આવ્યો છે, જ્યાં પોલીસ સ્ટેશનથી માત્ર ૧૫૦ મીટરના અંતરે એક મોટા કન્ટેનરમાંથી બોલેરો પિકઅપ ગાડીઓમાં વિદેશી દારૂનું કાર્ટિંગ થઈ રહ્યું હોવાની બાતમી ગાંધીનગર સ્ટેટ વિજિલન્સની ટીમને મળી હતી. બાતમીના આધારે વિજિલન્સની ટીમે ઓચિંતો દરોડો પાડીને ઘટના સ્થળેથી ૯૦૦થી વધુ ઈંગ્લિશ દારૂની પેટીઓ ભરેલું કન્ટેનર, ત્રણ બોલેરો પિકઅપ વાહનો અને દારૂની હેરાફેરી કરી રહેલા કેટલાક ઈસમોને રંગેહાથ ઝડપી પાડ્યા હતા. પોલીસ મથકની આટલી નજીક ચાલતા આ કાળા કારોબાર પર સ્ટેટ વિજિલન્સ ત્રાટકતાં જ સ્થાનિક પોલીસના હોશ ઊડી ગયા છે અને ઘરભેગા થવાના ડરે સ્ટાફમાં ગભરાટનો માહોલ જોવા મળી રહ્યો છે. હાલ વિજિલન્સ દ્વારા પાલોદ પોલીસ મથકમાં આ અંગે ફરિયાદ દાખલ કરવાની તજવીજ હાથ ધરાઈ છે.

બીજી તરફ પાલોદ પોલીસની ઘોર નિષ્ક્રિયતાને કારણે હદ વિસ્તારમાં વારંવાર વિજિલન્સની રેડમાં દારૂ-કેમિકલનો મોટો જથ્થો મળતાં સ્થાનિક પોલીસની કામગીરી સામે જનતામાં અનેક સવાલો સાથે ભારે આશ્ચર્ય સર્જાયું છે. અત્રે ઉલ્લેખનીય છે કે, થોડા સમય પહેલાં જ પીપોદરા જીઆઇડીસીમાંથી રૂ.૨૧ લાખનો દારૂ અને તાજેતરમાં જ રૂપિયા એક કરોડનો કેમિકલનો જથ્થો ઝડપાયો હતો.

આ અગાઉ પણ પાલોદ પોલીસની હદમાં આવેલા વાલેસા ખાતે વિજિલન્સની રેડમાં મોટી માત્રામાં દેશી દારૂ મળતાં પી.આઈ. અને પીએસઆઈ સહિત છ પોલીસ કર્મચારીઓને ઘરભેગા થવાનો વારો આવ્યો હતો.

આમ છતાં, આ વિસ્તારમાં દારૂનો વેપલો પૂરજોશમાં ચાલતો હોવાથી સ્થાનિકોમાં ઉગ્ર રોષ છે. હાલમાં ઝડપાયેલા ૯૦૦થી વધુ પેટી ઈંગ્લિશ દારૂના આ મસમોટા જથ્થા બાદ હવે ઉચ્ચ કક્ષાએથી બેદરકાર પોલીસ સામે કયા પ્રકારનાં કડક પગલાં ભરવામાં આવે છે, તેના પર જનતાની મીટ મંડાઈ છે.

# વાલોડમાં ફોઈ-ભત્રીજા વચ્ચે ઝઘડો, સામસામી ફરિયાદ

**જાતિના** દાખલા માટે ડોક્યુમેન્ટ લેવા જતાં બબાલ થઈ

વાલોડઃ બારડોલી તાલુકાનાં મઢી સુરાલી ગામે રહેતા વૃદ્ધ તેમના પ્રપૌત્ર સાથે વાલોડ ગામે રહેતી તેમની દીકરીના ઘરે જાતિના દાખલા માટે ડૉક્યુમેન્ટ લેવા જતાં બંને પરિવારો વચ્ચે માથાકૂટ થઈ હતી, જેમાં દીકરીની નણંદે ભત્રીજાને અપશબ્દો બોલી ચાર જેટલી વ્યક્તિએ ઝઘડો કરી મામાને લાકડીના સપાટા મારી ઈજા પહોંચાડી હોય, જ્યારે સામે પક્ષે ભત્રીજાએ ફોઈને તમાચા મારતાં મામલો પોલીસ મથકે પહોંચ્યો હતો. ઘટના અંગે વાલોડ પોલીસે બંને પક્ષની ફરિયાદ લઈ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

બારડોલીના મઢી-સુરાલી ગામે હાટ ફળિયામાં રહેતા સોમાભાઇ ભાણાભાઈ રાઠોડ (ઉં.વ.આ-64) જેઓ હાલ રિટાયર્ડ હોય, જેમની મોટી પુત્રી નિયતાબેનનાં લગ્ન તાપીના વાલોડ ખાતે ભવાની ફળિયામાં રહેતા અનિલભાઈ સાથે થયાં હતાં. નિયતાબેનનો પુત્ર તનીશ તેમના નાના સોમાભાઇ સાથે મોપેડ ઉપર વાલોડ ભવાની ખાતે તેમની માતાના ઘરે જાતિના દાખલા માટે ડૉક્યુમેન્ટ લેવા માટે ગયાં હતાં. ત્યારે તનીશની ફોઇ સંગીતાબેન રમેશભાઈ, જીન્કી નામની છોકરી તથા ફેનિલ રમેશ રાઠોડ (ત્રણે રહે.,મહુવા બીડ ફળિયું) તેમજ બીના રાજુભાઇ રાઠોડ (રહે., વાલોડ ભવાની ફળિયું)એ તનીશ સાથે ઝઘડો કરી અપશબ્દો બોલવાનું શરૂ કર્યું હતું. જેથી તનીશના નાનાએ વચ્ચે પડી તનીશને છૂટો કરી ભગાડી દીધો હતો. અને મોપેડ ત્યાં જ હોવાથી સોમાભાઇનો પુત્ર વિજય મોપેડ લેવા જતાં ફેનિલ રાઠોડે એકદમ ઉશ્કેરાઈ જઈ વિજયને માથાના ભાગે લાકડું મારી દીધું હતું. જેથી લોહી નીકળતાં તેને સારવાર માટે વાલોડ સરકારી દવાખાને લઈ જવામાં આવ્યો હતો. જ્યારે સામે પક્ષે સંગીતાબેન રમેશભાઈ રાઠોડ (રહે., મહુવા, બીડ ફળિયું) એ વાલોડ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ મુજબ તેઓ તેમના ભાઈ બીમાર હોવાથી તેઓ વાલોડ ભવાની ફળિયા ખાતે ત્યાં બે દિવસથી આવ્યા હતા. તે સમયે તેમના ભાઇનો દીકરો તનીશ તેમના નાના સોમાભાઇ સાથે જાતિનો દાખલો કઢાવવાનો હોવાથી ડૉક્યુમેન્ટ લેવા માટે આવ્યા હતા.

ત્યારે સંગીતાબેને તનીશને પૂછ્યું હતું કે કાલે તારી સાથે ઘરે કોણ આવ્યું હતું. તેમ કહેતાં તમે મને પૂછવાવાળા કોણ? એમ કહી ઝઘડો કર્યો હતો. જેથી તેને સમજાવવા જતાં તેણે સંગીતાબેનને ગાલ ઉપર તમાચા મારી દીધા હતા. અને જાનથી મારી નાંખવાની ધમકી આપી ત્યાં મોપેડ મૂકી ભાગી છૂટ્યો હતો. આ બનાવ અંગે વાલોડ પોલીસે બંને પક્ષની ફરિયાદ લઈ સામસામી ગુનો નોંધી આગળની વધુ કાર્યવાહી હાથ ધરી છે.



# સાગબારા તા.પં.માં નવા હોદ્દેદારો વરાયા

સાગબારા, ભરૂચઃ સાગબારા, ડેડિયાપાડા અને ચિકદા તાલુકા પંચાયતોમાં પ્રમુખ અને ઉપપ્રમુખ પદોની વરણી પ્રક્રિયા પૂર્ણ થતાં નવા હોદ્દેદારોની જાહેરાત કરી દીધી છે. સાગબારા તાલુકા પંચાયતમાં પ્રમુખ પદ માટે જગદિશભાઈ વાહર્યાભાઈ વસાવા તથા ઉપપ્રમુખ પદ માટે પૂજાબેન ગોવિંદ ગોસાઈની ઉમેદવારી તેઓ સામે કોઈ હરીફ ઉમેદવારી ન કરતાં બિનહરીફ જાહેર થયા છે. ચિકદા ખાતે MLA ચૈતર વસાવાની ઉપસ્થિતિમાં રાખેલી સંકલન બેઠકમાં નવનિયુક્ત ચિકદા તાલુકા પંચાયતનાં પ્રમુખ તરીકે રમેશભાઈ વસાવા તેમજ ઉપપ્રમુખ વિદ્યાબેન વસાવાને સર્વાનુમતે પસંદગી કરવામાં આવી છે.

જેમાં ડેડિયાપાડા તાલુકા પંચાયતના નવનિયુક્ત પ્રમુખ પ્રેમિલા વસાવાએ પદભાર સંભાળતાં જ ખેડૂતોના પાયાના પ્રશ્નોને પ્રાથમિકતા આપી છે. તેમણે કાર્યની શરૂઆત ખોખરા ઉંમર સ્થિત ઈન્ડિયન ઓઈલ પેટ્રોલ પંપની મુલાકાત લઈ ખેડૂતોની વ્યથા સાંભળી હતી.

# ઝંખવાવમાં બોલેરોમાં લઈ જવાતાં ૧૦ પશુને બચાવાયાં

**૫.૫૦** લાખનો મુદ્દામાલ જપ્ત, ડ્રાઇવર જેલભેગો

વાંકલઃ ઝંખવાવ પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા નાઈટ પેટ્રોલિંગ દરમિયાન કતલખાને લઈ જવાતાં ૧૦ પશુઓ ભરેલી મહિન્દ્રા બોલેરો પિકઅપ ગાડી સાથે એક આરોપીને ઝડપી પાડી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ઝંખવાવ પોલીસ સ્ટેશનના અ.પો.કો કિરણભાઇ, એ.એસ.આઇ. નિર્મળભાઈ સહિતનો સ્ટાફ નાઈટ રાઉન્ડમાં હતો. દરમિયાન અ.હે.કો. વિજયભાઈને ચોક્કસ બાતમી મળી હતી કે, એક બોલેરો પિકઅપ ગાડી નં.(GJ-31-T-8203) માંડવી તરફથી ભેંસો ભરીને ઝંખવાવ તરફ આવી રહી છે.

જેના આધારે પોલીસે પંચોને સાથે રાખી સરકારી દવાખાના પાસે વોચ ગોઠવી હતી. વોચ દરમિયાન શંકાસ્પદ ગાડી આવતાં તેને અટકાવી ચેક કરવામાં આવી હતી. તપાસ દરમિયાન લાકડાનાં પાટિયાં મારી બંધ કરેલી ગાડીમાં ક્રૂરતાપૂર્વક ખીચોખીચ ભરેલા ૮ પાડા અને ૨ પાડી મળી કુલ ૧૦ પશુ મળી આવ્યાં હતાં. પોલીસે આ તમામ પશુઓને મુક્ત કરાવ્યા હતા.

પોલીસે ગાડીના ચાલકની પૂછપરછ કરતાં તેનું નામ સાહિલ સૈયદ મુલતાની (રહે.,ઝંખવાવ, મુલતાની ફળિયું) હોવાનું જાણવા મળ્યું હતું. પોલીસે ઘટના સ્થળેથી રૂ.૨ લાખની કિંમતના ૧૦ પશુ અને રૂ.૩,૫૦,૦૦૦ની કિંમતની બોલેરો ગાડી મળી કુલ રૂપિયા ૫,૫૦,૦૦૦નો મુદ્દામાલ કબજે કર્યો છે. આ મામલે પશુઓને કતલના ઈરાદે હેરાફેરી કરવા બદલ ચાલક વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરાઈ છે.

## બલેશ્વરમાં અગાસી પર સૂવા ગયેલા શ્રમિકનું નીચે પટકાતાં મોત

પલસાણાઃ મૂળ ઉત્તર પ્રદેશના કાનપુરના વતની અને હાલ પલસાણાના બલેશ્વર ગામની મારૂતિનગરમાં આવેલી મુસાભાઈની બિલ્ડિંગના રૂમ નં.૧૬ માં રહી મજૂરી કામ કરતાં ૨૫ વર્ષીય વિપિનકુમાર રાજ નારાયણ ગુરુવારે અગાસી પર સૂવા જતાં નીચે પટકાવાથી નવી સિવિલમાં હોસ્પિટલમાં ખસેડાયા હતા. જ્યાં તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. પલસાણા પોલીસે અકસ્માત મોત નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

# બાબેન જીનની 93મી વાર્ષિક સભામાં તમામ ઠરાવો મંજૂર

**ખાતર,** જંતુનાશક દવાથી લઈ સિમેન્ટનાં પતરાં સુધીની પ્રોડક્ટ પર વળતર આપવાનો ઠરાવ કરાયો



બારડોલીઃ બારડોલીના બાબેન ખાતે આવેલ શ્રી ખેડૂત સહકારી જિનિંગ એન્ડ પ્રેસિંગ સોસાયટી લિ. (બાબેન જીન)ની 93મી વાર્ષિક સાધારણ સભા શનિવારના રોજ સંસ્થાના કાર્યાલયમાં મળી હતી, જેમાં એજન્ડાનાં વિવિધ કામોને સર્વાનુમતે મંજૂર કરવામાં આવ્યાં હતાં. મેનેજર ભૂપેન્દ્રસિંહ તખ્તસિંહ સોલંકીએ ગત વાર્ષિક સાધારણ સભાની કાર્યવાહીનું વાંચન કર્યું હતું. જેને સભાસદો દ્વારા બહાલી આપવામાં આવી હતી.

સંસ્થાના પ્રમુખ કશ્યપભાઈ જગદીશચંદ્ર પટેલના અધ્યક્ષ સ્થાને મળેલી બેઠકમાં કાર્યવાહક સમિતિ તથા પ્રતિનિધિ સભાએ સંસ્થાનો રજૂ કરેલો હિસાબ, સરવૈયા અને નફાની વહેંચણીને બહાલી આપવામાં આવી હતી. કશ્યપ પટેલે જણાવ્યું હતું કે, આપણી સંસ્થા બારડોલી, કામરેજ, પલસાણા અને વાલોડ તાલુકાનાં 74 જેટલાં ગામોના 3118 વ્યક્તિ સભાસદ અને એક મંડળી સભાસદનો પરિવાર ધરાવે છે. તેમણે હિસાબ રજૂ કરતાં જણાવ્યું હતું કે, સંસ્થાએ અહેવાલના વર્ષ દરમિયાન વિવિધ વિભાગો અંતર્ગત 59,66,18,793 રૂપિયાનું વેચાણ કર્યું છે. ઉપરાંત સીએનજી ગેસનું 17,79,38,482 રૂપિયાનું વેચાણ કરી 1,04,43,531 રૂપિયાનું કમિશન મેળવ્યું છે. તેમજ 8,24,77,651 રૂપિયાનું પુલિંગ ડાંગરનું કામ કર્યું છે. સંસ્થાએ કુલ 85,70,34,926 રૂપિયાનો વેપાર કર્યો છે અને કુલ 7.94 લાખ રૂપિયાનો ચોખ્ખો નફો કર્યો છે. ઉપરાંત સંસ્થાનમાંથી ખરીદેલ ગ્રેન્યુયલ ઉપર 6 ટકા પ્રમાણે અને દરેક જાતના રસાયણિક ખાતર તથા જંતુનાશક દવા પર 4 ટકા પ્રમાણે વળતર તેજ શણબીજ, ખોળ, સેન્દ્રીય ખાતર, સિમેન્ટ પતરાં વેચાણ પર 2 ટકા પ્રમાણે વળતર તેમજ રસાયણિક ખાતરની ગુણી દીઠ 6 પ્રમાણે ભાડું આપવાનો ઠરાવ બેઠકમાં કરવામાં આવ્યો હતો. જેને પણ બહાલી આપવામાં આવી હતી. સભાસદોને 750 રૂપિયા કૂપન પેટે આપવાનું નક્કી કરવામાં આવ્યું હતું. કશ્યપ પટેલે સંસ્થાન દ્વારા નવસારી કૃષિ યુનિવર્સિટી સાથે એમઓયુ કરે ખેડૂત છાપ ઓર્ગેનિક લિક્વિડ ન્યુટ્રિએંટ્સનો ઉપયોગ કરવા જણાવ્યું હતું.

આ પ્રસંગે સંસ્થાઅન સભાસદ મનીષ પટેલ (ગાંગપુર)એ સંસ્થા દ્વારા અછતના સમયમાં પણ ખેડૂતોને યુરિયા ખાતર આપવામાં આવતું હોય અને હાલમાં કોઈ મંડળી ડાંગર લેતી ન હોવા છતાં આ સંસ્થા દ્વારા ડાંગર લઈને ખેડૂતોને માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહી હોય, તેમણે સંસ્થાનો આભાર વ્યક્ત કર્યો હતો. આ બેઠકમાં બારડોલી સુગરના ઉપપ્રમુખ ભાવેશ પટેલ, સરદાર બાગાયતના પ્રમુખ સંજય પટેલ, ગુજરાત માર્કેટિંગ ફેડરેશનના પ્રમુખ રાજેશ પટેલ સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# ટોકરવા ગામે પ્લાય બનાવતી ફેક્ટરીમાં કામદારો વચ્ચે માથાકૂટ

**ફોન** ઉપર ગાળો બોલવાની ના પાડનાર યુવાન પર લાકડી વડે હુમલો

વાલોડ : વાલોના ટોકરવા ગામની સીમમાં પ્લાયની ફેક્ટરીમાં રહેતા કામદારો વચ્ચે અપશબ્દો બોલવા બાબતે માથાકૂટ થઈ હતી.

વાલોડના ટોકરવા ગામે ઉમિયા પ્લાય નામની ફેક્ટરી આવેલી છે. જ્યાં મજૂરો કામ કરી ત્યાં જ રૂમમાં રહે છે. ત્યારે રામશકુલ મીઠાઈલાલ વર્મા પણ કામ કરે છે. જેઓ મૂળ ઉત્તરપ્રદેશના વતની છે. ફેક્ટરીમાં તેમની બાજુના રૂમમાં રહેતો રમીત સુમન વર્મા કે જે પણ યુ.પી.ના બાંદા જિલ્લાનો વતની છે. જે રૂમ ઉપર રાત્રિના સમયે હાજર હોય અને જોરજોરથી તેની પત્ની સાથે વાતો કરી ગાળાગાળી કરી રહ્યો હતો. જેથી રામશુકલ વર્માએ તેને અપશબ્દો તેમજ જોરજોરથી વાતો કરવાની ના પાડી હતી. જે વાતનું રમીત વર્માને ખોટું લાગી આવતાં અદાવત રાખી હતી. અને રામશકુલ વર્મા ગત તા.22 મેના રોજ રાત્રિના સમયે બાથરૂમ જઈ રહ્યા હતા. એ સમયે ત્યાં પહોંચી રમીત વર્માએ રામશકુલને પગના ભાગે તેમજ માથાના ભાગે લાકડીના સપાટા મારી ગંભીર ઈજા પહોંચાડી હતી. જેથી તેને સારવાર માટે પ્રથમ વાલોડ સરકારી દવાખાના બાદ વ્યારા હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા હતા. જ્યાંથી વધુ સારવાર માટે સુરત નવી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં હાલ તેઓ સારવાર હેઠળ હોય, બનાવ અંગે તેમના પુત્ર રોહિત રામશુકલ વર્માએ પોલીસ ફરિયાદ નોંધાવતાં વાલોડ પોલીસે રમીત વર્મા વિરુદ્ધ ગુનો નોંધી આગળની વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# ટ્રેક્ટર લઈ દેવમોગરા જતા દર્શનાર્થીઓને અકસ્માત

સાગબારાઃ સાગબારાની આરટીઓ ચેકપોસ્ટ નજીક શનિવારે વહેલી સવારે અકસ્માત સર્જાયો હતો. દેવમોગરા ખાતે દર્શનાર્થે જઈ રહેલા શ્રદ્ધાળુઓથી ભરેલા ટ્રેક્ટરને એક ડમ્પર ચાલકે ટક્કર મારતાં ટ્રેક્ટર ટ્રોલી પલટી ખાઈ ગઈ હતી. જૂની બાવલી ગામના લોકો ટ્રેક્ટર નં.(GJ 26 U 0907) લઈને દેવમોગરા જઈ રહ્યા હતા. ત્યારે સાગબારા ખાતેની બંધ પડેલી આરટીઓ ચેકપોસ્ટ પાસે ડમ્પર નં.(GJ 19 X 6846)ના ચાલકે જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં ટ્રેક્ટર પર સવાર દર્શનાર્થીઓ રસ્તા પર વિખેરાઈ ગયા હતા. સદનસીબે મોટી જાનહાનિ ટળી હતી. જો કે, એક વ્યક્તિને સામાન્ય ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્તને તાત્કાલિક સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો.

Milano MULTIPLEX
બારડોલી
Chand Mera Dill
10:00am, 01:00pm, 04:00pm, 07:00pm, 10:00pm
Shubh Mangal Dhamal- Gujarati
03:00pm
Star Wars: The Mandalorian And Grogu
11:00am, 09:30pm
Bhooth Bangla
05:00pm
Dhabkaaro-Gujarati
12:00pm
Krishnavataram Part 1 - The Heart
02:00pm, 06:00pm, 09:00pm
Ph:- 02622-230068
*Movie schedule and timings are subject to change without any prior notice
સંપર્ક: 98791 33333